શ્રી ગોપિજન વલ્લભાય નમ:
શ્રી યમુને મહારાણી નમ:

આપણે કેટલા ભાગ્યશાળી છીએ કે આપણાં ઋષિ મુનિઓએ અથાગ પરિશ્રમ કરીને વૈજ્ઞાનિક રૂપરેખાઓ, દુર્લભ મનુષ્ય દેહને ઓળખીને પ્રારંભથી અંત સુધીની જન્મ, જીવ, જીવન, જગત, પ્રકૃતિ, સૃષ્ટિ, બ્રહ્માણ્ડ, બ્રહ્મ અને પરબ્રહ્મની વૈજ્ઞાનિક સિદ્ધાંતો, પરિવર્તનો, સૂક્ષ્મ સકળ સિદ્ધિઓ જાગૃત કરી - સ્વ વારંવાર અવતાર, જન્મ, જીવન, અને જગત, પ્રકૃતિ, સૃષ્ટિ, બ્રહ્માણ્ડ, બ્રહ્મ સાથે અતૂટ સમન્વય કરી સ્વને અનેકવાર સમર્પણ કરી બ્રહ્માણ્ડ અને બ્રહ્મનાં અનેક રહસ્યો સાર્થક અને યથાર્થ કર્યા. સાધારણ થી અસાધારણ ગતિ, સામાન્ય થી અસામાન્ય પરિવર્તન, અજ્ઞાન થી જ્ઞાન ની પરાકાષ્ઠા, અધર્મ થી ધર્મ નાં સંસ્થાપનો, જીવ થી બ્રહ્મ સુધી અને બ્રહ્મ થી પરબ્રહ્મ પામવું. ઘણાં ચરિત્રો છે આ પ્રમાણિત સમજાવવા.

શ્રી વલ્લભાચાર્યજી એક એવું ચરિત્ર છે, જે અસંખ્ય માન્યતા અને અંધશ્રદ્ધાનો નષ્ટ કરે છે. વૈજ્ઞાનિક સિદ્ધાંતોથી સ્વ ઓળખ, સ્વ જીવન, સ્વ જગત, સ્વ પ્રકૃતિ, સ્વ સૃષ્ટિ, સ્વ બ્રહ્માણ્ડ, સ્વ બ્રહ્મ અને સ્વ પુરુષાર્થ થી જ સ્વ માર્ગે, સ્વ દિશાએ, સ્વ ધામ, સ્વ એકાત્મ પરબ્રહ્મ સાથે જોડાવવું.

“ स्वे स्वे कर्माणी सर्वे अभिरता “

મહારાજ પાઠ કરે, મહારાજ કથા કરે, મહારાજ પ્રવચન કરે, મહારાજ આજ્ઞા કરે, મહારાજ આશીર્વાદ આપે, મહારાજ સંબંધ લેવડાવે, (કરાવે) અને લીલા ભાવોથી વાર્તા પ્રકારે, ઉત્સવ પ્રકારે, મનોરથ પ્રકારે, ત્યોહાર પ્રકારે, તિથિ વિધિ પ્રકારે આપણાંને સાંત્વન આપે, સુખ આપે, આશા જગાવે અને જન્મ, જીવ, જીવન, જગતની યાત્રા કરાવે. આ આજનાં મહારાજોથી તો આજે આપણે આવા થયા તો આપણાં વારસદારો, કુટુંબીઓ કેવાં થશે? એટલે જ આજે સૂક્ષ્મતાથી અને યોગ્યતાથી જાગવાનું છે.

આજે વૈજ્ઞાનિકો આપણાં જ અનુસંધાનો સમજીને પોતાને, પોતાના જન્મને, પોતાના જીવનને, પોતાના કુટુંબને, પોતાના સાથીઓને, પોતાના અનુયાયીઓને, પોતાના સ્થળને, પોતાના વિસ્તારને, પોતાના ગામને, પોતાના શહેરને, પોતાના રાજ્યને, પોતાના દેશને, પોતાના જગતને, પોતાની પ્રકૃતિને, પોતાની સૃષ્ટિને,

પોતાના બ્રહ્માણ્ડને, પોતાના બ્રહ્મને અને પોતાના પરબ્રહ્મને કર્મ નાં સિદ્ધાંતથી શ્રેષ્ઠ સેવા કરે છે - આર્યભટ્ટ, જગદીશચંદ્ર બોસ, વિક્રમ સારાભાઇ, અબ્દુલ જે કલામ, એરિસ્ટોટલ, આઈઝેક ન્યૂટન, જ્યોર્જ વોશિંગ્ટન, આલ્બર્ટ આઇન્સટાઇન, સ્ટીફન હિવ્કિંસ અનેકો અનેક, જેઓ એ આજ નાં સમય સુધીનું અદભૂત સિદ્ધ કર્યું અને માનવ જન્મ, જીવ, જીવન, જગત, પ્રકૃતિ, સૃષ્ટિ, બ્રહ્માણ્ડ, બ્રહ્મને ઓળખવા શ્રેષ્ઠ રચનાઓ કરી જે આપણે વારંવાર આપણાં શિક્ષકો, સ્નાતકો, અધ્યાપકો, ચિકિત્સકો અને વૈજ્ઞાનિકો નાં મુખે સાંભળીએ છીએ અને શાળા, પાઠશાળા અને વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં સીખીએ જ છીએ.

મિત્રો! હું વિષય કે આપનો ઉત્સાહને બદલવા નથી ચાહતો, હું આપને યોગ્ય માર્ગ અને દિશા તરફ પ્રેરવાની કોશિશ કરી રહ્યો છું. આપના માંથી ઘણાં વ્યક્તિઓ યુરોપ, અમેરિકા ગયા જ હશો અને અસંખ્ય માનવ સર્જિત વ્યવસ્થા અને યોગ્ય સંચાલન પદ્ધતિઓ નો અનુભવ કર્યો જ હશે. આ અનુભવ કેમ પામ્યા?

બસ આ જ માર્ગ, દિશા અને પરાકાષ્ઠા આપણાં સર્વ શ્રેષ્ઠ ઋષિ મુનિઓ, આચાર્યો અને વૈજ્ઞાનિકોએ જે પ્રમાણિત કર્યું છે તેને સમજવું, અપનાવવું અને તે પ્રમાણે સર્વેએ એકબીજા સાથે જીવીને, રહીને જન્મ, જીવ, જીવન, જગત, પ્રકૃતિ, સૃષ્ટિ, બ્રહ્માણ્ડ, બ્રહ્મ અને પરબ્રહ્મને પામવાનું.

આપણે જે યુરોપ, અમેરિકા વિગરેને અનુભવ્યું તે યુરોપ, અમેરિકાનાં વ્યવસ્થાપકો, સંચાલકો, શિક્ષકો, સ્નાતકો, અધ્યાપકો, ચિકિત્સકો, વૈજ્ઞાનિકો અને ત્યાનાં રહેવાસીઓ આ સર્વે માળખાઓમાં નિષ્ઠા, નિસ્વાર્થ, નિર્ભય, નિડર અને સત્ય પદ્ધતિઓમાં શ્રેષ્ઠ સાથ અને સહકાર આપે છે. જે રીતે તેઓ માનવ છે તે જ રીતે આપણે પણ માનવ છીએ, જે જે પ્લેટફૉર્મ તેઓ ને મળ્યા છે, તે જ પ્લેટફૉર્મ આપણાં ને પણ મળ્યા જ છે.

૧. ઋષિ મુનિઓ નાં જીવન ચરિત્રો
૨. ઋષિ મુનિઓ નાં પ્રયોગો
૩. ઋષિ મુનિઓ નું જ્ઞાન, વિજ્ઞાન, પ્રજ્ઞાન
૪. ઋષિ મુનિઓ ની સિદ્ધિઓ
૫. ઋષિ મુનિઓ નાં શાસ્ત્રો
૬. ઋષિ મુનિઓ નાં પ્રમાણો
૭. આચાર્યો નાં ચરિત્રો
૮. આચાર્યો ની શ્રેષ્ઠતા
૯. આચાર્યો નાં ધર્મ સંસ્થાપનો

આપણે કયા ગેરમાર્ગે દોરાયા? જે થી આપણો જન્મ, જીવ, જીવન, જગત, પ્રકૃતિ, સૃષ્ટિ, બ્રહ્માણ્ડ અને બ્રહ્મ અટવાયો?

આજે આપણે દરેક ક્ષેત્રે અધૂરા, અંધશ્રદ્ધા ભરેલા, માન્યતા સ્વીકારેલા, વંચિત અને રૂઢિયુસ્ત છે. જે આપણને વેરવિખેર, નિમ્ન, સંતાપી, નિર્લજ્જ, અભિમાની, અહંકારી, દુષ્ટ, વિશ્વાસઘાતી, રોગી, મૂર્ખ, અભદ્ર, અજ્ઞાની,

અવિવેકી, અશુદ્ધ, અપ્રમાણિક, ક્રૂર, લોભી, કપટી, કલંકી, કુદ્રષ્ટિ, આળસુ, લુચ્ચા, પાખંડી, અધર્મી, વિકૃત, અસંયમી, સ્વાર્થી અને નાસમજ બનાવી રહ્યા છે, ઘડી રહ્યા છે, અયોગ્ય બનાવી રહ્યા છે.

એટલે તો આપણે નાસીપાસ, આડંબરી, ડામાડોળ, ડરપોક, સંકોચિ, સંશયી, અણઘડ, નકારાત્મકતા, ઘમંડી, અન્યાયી, અભણ, અવગુણી, અવ્યવસ્થિત, નિરાશ, અનૈતિક, દુખી, અધોગત, અપ્રમેય, નિષ્ઠુર, જુઠ્ઠા, છેતરપિંડી, લૂટારુ, અવ્યવહારુ, બહાનાબાજ, ભોગી, સંજોગી, લઘુતાગ્રંથિ, નિરક્ષર, અરાજકતા, વિદ્રોહી, દોષિ, મોહી, પાપોચ્ચારી, અનીતિ, વિધર્મી, આદિ અયોગ્યતા થી ભરપૂર છે. મિત્રો ઇ.પૂ. 1800 આવી જ પરિસ્તિથિ હતી, યુરોપ અને અમેરિકાની, ઘણાં તે સમયનાં ચિત્રો દર્શાવુ છું..

આજે આપણે સહુ આવી જ વ્યવસ્થામાં, આવા જ વ્યવહારોમાં જીવન વિતાવી રહ્યા છે, જેનાથી આપણાં મન, તન, ધન અને જીવનને વધુને વધુ આશ્રિત, દુ:ખી, દંભી, કપટી, નિ:સહાય, અવ્યવહારુ, અજ્ઞાની, અધર્મી, રોગી, અશુદ્ધ મનોવૃતિ, અહંકારી, સ્વાર્થવૃતિ અને આડંબરી બનાવી રહ્યા છે.

પશ્ચિમી સંસ્કૃતિ, પશ્ચિમી સંસ્કૃતિ, પશ્ચિમી સંસ્કૃતિને આપણે યોગ્યતા પૂર્વક સમજી શકતા નથી અને વારંવાર પશ્ચિમી સંસ્કૃતિ તરફ આકર્ષાઈને આપણે અને આપણું શ્રેષ્ઠ યુવાધનને ત્યાં ધકેલી આપણે આપણું જીવન અને સમૃદ્ધિનું નિકંદન કરીએ છીએ. આપણે જ અયોગ્ય, અધૂરા, અપ્રામાણિક, અવ્યવહારુ, અર્ધશિક્ષિત, અનિર્ણયી, નિરાશાવાદી, લોભી અને દોષિત હોઈએ અને સમજ્યા વગર હાંકે રાખીએ તે ચાલે?

આજે આપણે સહુ ઈચ્છીએ છે મારા વંશ જ પશ્ચિમી દેશોમાં જ વસવાટ કરે. કેમ? પોતે જાગવું નથી અને બીજાને જાગવા દેવુ નથી. આ તે કેવી પરિભાષા ! પરિજ્ઞાન ! પરિવાર ! પરિધાન ! પરિમિતિ ! પરિસ્તિથી !

અનિશ્ચિતતાને નિશ્ચિત કરવા ત્યાનાં જ બુદ્ધિજીવીઓ, શિક્ષકો, અધ્યાપકો, નિષ્ણાત, સ્નાતકો, ચિકિત્સકો, વૈજ્ઞાનિકો અને રહેવાસીઓએ અદભૂત સાથ સહકાર આપી જન્મ, જીવ, જીવન, જગત, પ્રકૃતિ, સૃષ્ટિ, બ્રહ્માણ્ડ અને બ્રહ્મની અલૌકિકતા સાબિત કરી કે આપણે શું નથી કરી સકતા !

આ જ શ્રી વલ્લભાચાર્યજીનાં જન્મ, જીવ, જીવનથી આપણે આપણી જન્મ, જીવ, જીવન, જગત, પ્રકૃતિ, સૃષ્ટિ, બ્રહ્માણ્ડ, બ્રહ્મ, સંકલ્પબળતા, વિચારધારા, ક્રિયાત્મકતા, નીતિ, વ્યવસ્થા, સંચાલન પદ્ધતિઓમાં આમૂલ પરિવર્તન કેળવીશું સાથે સાથે કુટુંબ જાગૃતતા, સમાજ જાગૃતતા માટે જે ઘડતરોનાં ઉત્થાનો ગોઠવીશું તો અચૂક આવનારી દરેક પ્રજા જિજ્ઞાસુ, યોગ્ય, સંશોધની, સૈદ્ધાંતિક, ધર્મીષ્ઠ, નિષ્ણાત, સંસ્થાપક, સંચાલક જ હશે. આજે દરેક ક્ષેત્રે યુરોપિયન, અમેરિકન આદિનું જ અનુસંધાન વાત વાતે કરતા હોઈએ છીએ.

વિષય બદલાતો નથી - મનુષ્ય જીવનનાં મૂળભૂત સિદ્ધાંતો જે આપણાં ઋષિ મુનિઓએ, આચાર્યોએ યોગ્યતા પૂર્વક ઘડેલા તેને ફરી યોગ્યતા પૂર્વક જીવન ચરિતાર્થ કરવા, કેળવવા, અપનાવવા, આયોજનવા, પ્રસ્થાપિત કરવા. જે આપણાં માધ્યમથી જ - " ધર્મ સંસ્થાપ્ય નાથાય, સંભવાની યુગે યુગે ". આ જ આપણાં જન્મ જીવ, જીવન, પ્રકૃતિ, સૃષ્ટિ, બ્રહ્માણ્ડ અને બ્રહ્મની સાર્થકતા છે, યથાર્તા છે.

શ્રીવલ્લભાચાર્યજી એક એવું શ્રેષ્ઠ તત્વ છે જે તત્વે સિદ્ધ કરી આપ્યું પોતાનાં જન્મ, જીવ, જગત, પ્રકૃતિ, સૃષ્ટિ, બ્રહ્માણ્ડ, બ્રહ્મ અને વૈજ્ઞાનિક સિદ્ધાંતોથી કે તત્વ શું છે અને શું કરી શકે છે?

આથી તો તે " **દૈવોદ્ધારપ્રયત્નાત્મા** " જે તત્વ જન્મ ધારણ કરી પોતાનાં સ્વ પુરુષાર્થથી જગતનાં દૈવી જીવોનાં ઉધ્ધારણ માટે દ્વારે દ્વારે પહોંચી પરબ્રહ્મમાં એકાત્મ કર્યા એટલે જ સ્વ તત્વને શ્રેષ્ઠતાથી બ્રહ્મમાં પરિવર્તન કરી પરબ્રહ્મ પામ્યા. તેથી તેઓ " **પૃથકશરણમાર્ગોપદ્રષ્ટા** " અને " **ભક્ત્યાચારોપદ્રષ્ટા** " ઓળખાયા. વિજ્ઞાનનાં ગૂઢ સિદ્ધાંતો ને સરળતાથી જન્મથી જ સિદ્ધ કરતાં યોગ્ય સમજ અને જ્ઞાન પરિનિમિત સ્થાપતા ગયા જે થી આપ " **સાકાર – બ્રહ્મવાદૈક – સ્થાપક** " કહેવાયા.

" सर्व जीवानाम सर्व पुरुषार्थ सिद्यर्थम जगत "

શ્રીવલ્લભાચાર્યનો જન્મ જે તત્વોથી થયો અને જે બાહ્ય અને આંતરિક તત્વોનાં સંયોજનોથી થયો તે સમજવું યોગ્યતા ભરેલું, પ્રમાણિત અને આપણને વર્તમાન સમયને કેમ ઓળખવો તેનું શ્રેષ્ઠ માર્ગદર્શન પ્રાપ્ત કરીશું.

જ્યારે માતા ઇલ્લમાગુરુએ જે નિશ્ચેતન સમજેલા અધૂરા ગર્ભને યોગ્યતા પૂર્વક વસ્ત્રમાં વિટાળીને વનસ્પતિનાં ઝાડોની બખોલમાં મૂકીને આગળ ધપ્યા ત્યારબાદ જે ક્રિયાઓ થઈ તે સમજવી હિતાવહ છે - જે પ્રમાણિત કરે છે કે સૃષ્ટિ પર જન્મતા જીવ અને સૃષ્ટિ પરનાં તત્વો વચ્ચે જે જે સંયોજન અને ઉત્સ્રોજનની પ્રક્રિયા ઘટતી હોય છે જેમાં શ્રેષ્ઠતા જ ઉદભવે છે. આજનાં સમય આધારિત જોઈએ તો સ્ટીફન હવ્કિંસ જ એક શ્રેષ્ઠ ઉદાહરણ છે જેમની આપણે જન્મ થી મૃત્યુ સુધી જે તેમની માનસિક, શારીરિક, વૈજ્ઞાનિક પરિસ્તિથી જ આ સિદ્ધાંતને શ્રેષ્ઠતા પ્રદાન કરે છે. આવા અસંખ્ય ઉદાહરણો છે જ. જે સદા અસાધારણતા જ પરિનિમિત કરે છે. શ્રીવલ્લભ પણ આજ પ્રકારનું શ્રેષ્ઠ બ્રહ્મ છે.

શ્રીવલ્લભનાં આંતરિક તત્વો, બ્રહ્માણ્ડનાં મૂળ તત્વો અને જગતનાં બાહ્ય તત્વોનાં સંયોજનની પ્રક્રિયામાં શ્રીવલ્લભનાં પૂર્વજોની શ્રેષ્ઠતા, સો સોમયજ્ઞની યજ્ઞતા, માતા ઇલ્લમાગુરુ અને પિતા લક્ષ્મણભટ્ટજીનાં આધ્યાત્મિક તત્વો, બ્રહ્માણ્ડનાં આધિદૈવિક તત્વો અને જગતનાં ભૌતિક તત્વોનો સમન્વય શ્રીવલ્લભનાં જીવ, દેહને સિંચિત કરી તત્વોની શ્રેષ્ઠતાની પૂર્ણતા પર રૃષ્ટ પુષ્ટ બનાવે છે. પુષ્ટિ સિદ્ધાંત નો પ્રથમ આવિસ્કાર.

શ્રેષ્ઠ સિદ્ધાંત - આપણાં તત્વોને આપણે જો શ્રેષ્ઠતાથી કેળવીશું તો અચૂક પૂર્વજોનાં શ્રેષ્ઠ સંસ્કાર, પૂર્વજોનાં શ્રેષ્ઠ યજ્ઞો, માતા પિતાનાં સંયોજિત આધ્યાત્મિક તત્વો, બ્રહ્માણ્ડનાં આધિદૈવિક તત્વો અને જગતનાં ભૌતિક તત્વો આપણું શ્રેષ્ઠ સિંચન કરશે જ કરશે, અને આપણે સદા જાગૃત, સાક્ષર શ્રેષ્ઠ તત્વો સભરથી નીરોગી, અક્ષય, પ્રમાણિક અને સમય સૂચકતા ધારણ કરીશું. આપણાં જન્મ અને જીવનને સમયનાં વૈજ્ઞાનિક ધારા ધોરણમાં ગોઠવતા ગોઠવતા પરમ શ્રેષ્ઠતા પામીશું.

શ્રીવલ્લભનાં નિશ્ચેતન સમજેલા દેહમાં મૂળ તત્વો સૂર્યથી અગ્નિ તત્વની પ્રબળતા પ્રાપ્ત થઈ, તેનાં ધર્મીનાં તેજથી શ્રેષ્ઠ ઊર્જા પામે છે - સૂર્ય બ્રહ્મ છે

सूर्यादिरुपधृक् ब्रहमकांडे ग्यान अंगम् ईर्यते।।
पुराणेषु अपि सर्वेषु तत् तत् रुपो हरितथा।। :

શ્રીવલ્લભનાં નિશ્ચેતન સમજેલા દેહમાં મૂળ તત્વો ધરતી અર્થાત વનસ્પતિ, રજની પ્રબળતા પ્રાપ્ત થઈ, તે વન બ્રહ્મ હતું, તે વૃક્ષ પણ બ્રહ્મ હતું, તેનાં ધર્મીનાં રસથી દ્યુલોક અને પૃથ્વીલોક યોગ્ય પરિવર્તન પામે છે. - ધરતી બ્રહ્મ છે

શ્રીવલ્લભનાં નિશ્ચેતન સમજેલા દેહમાં મૂળ તત્વો આકાશ અર્થાત અવકાશ તત્વની પ્રબળતા પ્રાપ્ત થઈ, તેનાં ધર્મીની વ્યાપક્તાથી શ્રેષ્ઠ અવકાશ પામે છે અને એક બંધનમાં બંધાય છે. - આકાશ બ્રહ્મ છે

आकाशवद् व्यापकं हि ब्रहम माया अंश वेष्ठितम्।।
सर्वत: पाणिपादांतं सर्वतोक्षिशिरोमुखम् ।।

શ્રીવલ્લભનાં નિશ્ચેતન સમજેલા દેહમાં મૂળ તત્વો વાયુથી પ્રાણ તત્વની પ્રબળતા પ્રાપ્ત થઈ, તેનાં ધર્મીનાં પ્રાણથી તનુ નવત્વ પામે છે. - વાયુ બ્રહ્મ છે.

શ્રીવલ્લભનાં નિશ્ચેતન સમજેલા દેહમાં મૂળ તત્વો જળથી જીવન તત્વની પ્રબળતા પ્રાપ્ત થઈ, તેનાં ધર્મીનાં જળથી જીવનનું સિંચન પામે છે. - જળ બ્રહ્મ છે.

" ब्रहमैव तद इदं - आत्मैव तद इदं सर्वम "

पंचात्मकस भगवान् द्विषडात्मको अभूत पंचद्वयी शतसहस्त्र परामितश्च। :
एक समो :अपि अखिल दोष सम् उज्झितोपी सर्वत्र पूर्ण गुणकोपि बहुपमोभूत् ।।

निर्दोष पूर्ण गुण विग्रह आत्मतंत्रो निश्चेतनात्मक शरीरगुणैश्च हीन। :
आनंद मात्र कर पाद मुख उदर आदिसर्वत्र च त्रिविध भेद विवर्जित आत्मा।। :

અદભૂત ! સૈદ્ધાંતિક ! વૈજ્ઞાનિક !

શ્રીવલ્લભાચાર્યજી આપને મારા દંડવત પ્રણામ !

શ્રેષ્ઠ રૂપાંતર, શ્રેષ્ઠ પરિવર્તન, શ્રેષ્ઠ નિરૂપણ, શ્રેષ્ઠ પરિનિમિત શ્રીવલ્લભનાં પ્રાકટ્યથી આપણે આપણું પણ રૂપાંતર, પરિવર્તન, નિરૂપણ અને પરિનિમિત કરી શકીશું. અતિ સૂક્ષ્મતાથી જ આપણે આપણાં જન્મ, જીવનને ઘડીશુ તો અવશ્ય સદા સંસ્કારમય અને શ્રેષ્ઠ જીવન પ્રદાન કરીશું.

ધર્મનો અભ્યાસ સકારાત્મક ધર્મનાં વૈજ્ઞાનિક અભિગમો, વ્યવસ્થિત પ્રાચીન અને આધુનિક સંસ્કૃતિનું તુલનાત્મક અધ્યયન, સાક્ષર લોકજીવન ઉપર તેની અસરથી નિયમન કરવામાં આવે તો અચૂક જન્મ, જીવ, જગત, પ્રકૃતિ, સૃષ્ટિ, બ્રહ્માણ્ડ, બ્રહ્મ શ્રેષ્ઠતાની અનુભૂતિ કરે જ છે.

આજે આ સમયમાં આ વિચાર ધારાઓ, શાસ્ત્રનાં વૈજ્ઞાનિક સિદ્ધાંતોથી, અંધશ્રદ્ધા ભરેલ માન્યતાઓને દૂર કરી, ધર્મનાં તુલનાત્મક અધ્યયનથી જે શ્રેષ્ઠ સિદ્ધાંત મુકતાવલ્લી યોગ્ય પદ્ધતિઓથી, યોગ્ય શાસનથી યોગ્ય વ્યક્તિઓથી અમલમાં મુકાય તે જ શ્રેષ્ઠ પુરુષાર્થ છે.

શ્રીવલ્લભાચાર્યજીનું ચરિત્ર સૂક્ષ્મતાથી સમજીશું અને અપનાવીશું તો અચૂક આપણો જન્મ, જીવ, જગત, પ્રકૃતિ, સૃષ્ટિ, બ્રહ્માણ્ડ અને સ્વ બ્રહ્મને પુષ્ટિ પમાડીશું.

વધુ આવતા અંકે

પુષ્ટિ સૈદ્ધાંતિક વિચાર અને સાથ સહકાર માટે અચૂક મળો અથવા Email કરો

Mobile : 9327297507 Email - vibrantpushti@gmail.com

નોધ: કેવળ પુષ્ટિ સિદ્ધાંત શિક્ષણ આધારિત જ આ પદ્ધતિ છે, ન કોઈ દ્વેષ, ન કોઈ વિરોધ, ન કોઈ દૂષિત ઉતેજના પ્રેરિત આ ધારા છે. કેવળ શ્રીવલ્લભાચાર્યજીનાં આશીર્વાદ અને કૃપા સિંચિત જ આ જાગૃત ધારા છે.

મિત્રો - સ્નેહી, સગાવહાલા, સબંધી, મિત્ર વર્તુળને ઝેરોક્ષ કૉપીઓનું સ્વ સેવાએ વિતરણ કરવા વિનંતી છે.

આ અંકનો ઉપયોગ અને ટિપ્પણી લખ્યા બાદ જો પરત કરવો હોય તો ઉપર નાં Mobile નંબર અથવા Email પર જણાવવું.

" જય શ્રી કૃષ્ણ "